

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ધોરણ.૧૦ અને ધોરણ.૧૨ બોર્ડની પરીક્ષાનો આજે તા.૭મી માર્ચના રોજ શુભારંભ દરમ્યાન પરીક્ષાર્થીઓને કુંમ કુંમ તિલક કરી મોં મીઠું કરાવી ઉત્સાહભેર આવકાર્યા હતા.હજ્જારો વિદ્યાર્થીઓએ શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી.ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ,મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ,ખજાનચી નરેન્દ્રભાઈ પ્રજાપતિ,ઉપપ્રમુખ રામઅવતાર શર્મા,મહિલા પ્રભારી ઉર્વશીબેન બરંડા,નરેશભાઈ પંચાલ,ભરતભાઈ પ્રજાપતિ સહિત કારોબારી સભ્યોએ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાર્થીઓને આવકાર આપી ગુલાબ આપી પ્રવેશ અપાવ્યો હતો.જન સેવા સંઘ પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી,કમલેશભાઈ મહેતા,હર્ષદભાઈ ત્રિવેદી,ગોપાલભાઈ જોષી સહિત કારોબારી સભ્ય,આચાર્ય વી.ટી.ચૌહાણએ વિદ્યાર્થીઓને કુંમ કુંમ તિલક કરી,ચોકલેટ આપીને આવકાર્યા હતા.પરીક્ષાર્થીઓ શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા આપે,તણાવ મુક્ત રહે,વિદ્યાર્થીઓ ધોરણ.૧૦ અને ધોરણ.૧૨ બોર્ડની પરીક્ષામાં જ્વલંત સિધ્ધી હાંસલ કરે તેવા આશીર્વાદ આપી શુભાશિષ પાઠવ્યા હતા.

# આર. જે. તન્ના પ્રેરણા મંદિરમાં ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ

ભિલોડા, તા. ૭

ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા મંદિરમાં માર્ચ-૨૦૧૯ની ધો. ૧૦ અને ધો. ૧૨ વિ. પ્રવાહની



બોર્ડ પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થી ભાઈ-બહેનોને શાળાના સંચાલક દામુભાઈ પટેલ, ભારત વિકાસ પરિષદના સભ્યો તેમજ શાળાના આચાર્ય અને સંવાહક રમણભાઈ પટેલ દ્વારા કંકુ તિલક અને ગોળ ધાણા વહેંચી તમામને શુભેચ્છા આપી હતી. આ પ્રસંગે સંવાહકે શાળામાં પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને તણાવમુક્ત, સ્વચ્છ ચિત્તથી આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા જણાવ્યુ હતુ. શાળાના તમામ સ્ટાફ મિત્રો તેમજ પરીક્ષા કામગીરીમાં રોકાયેલ શિક્ષક મિત્રોએ તમામ પરીક્ષાર્થીઓને આવકાર્યા હતા. સરકારી પ્રતિનિધિ તરીકે રિતેષભાઈ પટેલ હાજર રહ્યા હતા.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ધો.૧૦-૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

મોડાસા, તા. ૭

૭ માર્ચ ૨૦૧૯ના રોજ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં માધ્યમિક ઉચ્ચતર શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં સહીત બંને જીલ્લાના સંચાલક મંડળ અને વિવિધ સેવાકીય સંસ્થાઓએ પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક કરી સાકારથી મોં મીઠું કરાવી માનસિક તણાવ દૂર કરવા ગુલાબના ફૂલ આપી શુભેચ્છા પાઠવી હતી. મોડાસાની સર્વોદય આશયથી અને પરીક્ષાર્થીઓને આહલાદક વાતાવરણની અનુભૂતિ થાય તે માટે મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપિન શાહ, સરસ્વતી બાલ મંદિર મંડળના પ્રમુખ નિલેશ જોશી, જેસીઝ મિલ્ક કમિટીના ચેરમેન નવનીત પરીખ,



બોર્ડના ૯૪ પરીક્ષા કેન્દ્રો પર ૮૭ હજારથી વધુ વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પ્રથમ દિવસે પરીક્ષા આપી હતી.

ગુરુવારથી શરુ થયેલી બોર્ડની પરીક્ષામાં મોડાસા શહેર હાઈસ્કૂલ અને મોડાસા હાઈસ્કૂલ પરીક્ષા કેન્દ્રના પ્રવેશદ્વારે બોર્ડના પરીક્ષાર્થીઓનો તણાવ હળવો કરવા અને બોર્ડની પરીક્ષાનો માનસિક ભય દૂર કરવાની સાથે પરીક્ષામાં સફળતા મેળવવાના શુભ સર્વોદય હાઈસ્કૂલના પ્રિન્સિપાલ આર.સી. મહેતા સહીત શૈક્ષણિક અને સામાજિક અગ્રણીઓએ ગુલાબના ફૂલ આપી, કુમકુમ તિલક અને મોં મીઠું કરાવી શાંતિપૂર્વક પરીક્ષા આપવા શુભેચ્છા પાઠવી હતી.

# સાબરકાંઠાના ૨૦ હજારથી વધુ શ્રમિકોને શ્રમયોગી યોજનામાં આવરી લેવાશે

હિંમતનગર, તા. ૭

અસંગઠીત શ્રમયોગીઓના હિતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અમલમાં મુકાઈ છે. ત્યારે તેમાં સાબરકાંઠાના ૨૦ હજારથી વધુ શ્રમિકોને આવરી લેવામાં આવશે. એમ મંગળવારે હિંમતનગર ખાતે યોજોલા એક કાર્યક્રમમાં પાણી પુરવઠા અને જિલ્લાના પ્રભારી મંત્રીએ જણાવ્યુ હતુ.

હિંમતનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બોલતા મંત્રી પરબતભાઈ પટેલે વધુમાં જણાવ્યુ હતુ કે અસંગઠીત ક્ષેત્રોના કામદારોને સુરક્ષા કવચ આપવાની સાથે તે માનભેર જીવન જીવી શકે તે માટે પેન્શન યોજના સરકાર દ્વારા શરૂ કરાઈ છે. દેશમાં અત્યારે ૪૨ કરોડથી વધુ શ્રમિકો પૈકી હાલના તબક્કે એક કરોડથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

# ધાનેરામાં પૈસાની લ્હાયમાં બાળકોના જીવ જોખમમાં મુકતો શિક્ષક : સત્ય હોય તો શરમજનક

## વિવેકાનંદ વિદ્યાલયના કેમ્પસમાં તો એક શિક્ષક બાળકોને સારી સલાહ આપવાના બદલે તેની જ ગાડીમાં ૩૫ થી ૪૦ બાળકો ભરીને અવર જવર કરે છે

ધાનેરા સહિત વિવિધ જગ્યા એ શાળા માં અભ્યાસ કરતા બાળકો જીવ ના જોખમે મુસાફરી કરી રહ્યા છે છતાં પણ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે પરંતુ ધાનેરા વિસ્તાર માં તો એક શિક્ષક જ પોતાની ગાડી



માં અને તેનીજ શાળા ના બાળકો ને ઘેટાં બકરા ની જેમ ભરી બાળકો ના જીવ જોખમમાં મૂકી રહ્યા છે ત્યારે આ બાબતે તંત્ર અને શિક્ષણ વિભાગ આ શિક્ષક સામે કાયદેસર ના પગલાં ભરે તેવી માંગ ઉઠવા પામી રહી છે.

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ પાછળ કરોડો રૂપિયા નું ખર્ચ કરવામાં આવી રહ્યું છે પરંતુ શિક્ષણ અર્થે આવતા બાળકો ને આજે પણ ભારે મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે અને જીવ ના જોખમે મુસાફરી કરી શાળાએ જવું પડે છે. કેટલીક શાળા માં તો શિક્ષકો દ્વારા બાળકો ને સલાહ આપવામાં આવે છે કે જોખમી મુસાફરી કરવી નહીં અને શાંતિથી ઘરે પહોંચવું....પણ ધાનેરા માં આવેલી વિવેકાનંદ વિદ્યાલય ના કેમ્પસ માં તો એક શિક્ષક બાળકો ને સારી સલાહ આપવાના બદલે તેની જ ગાડી માં ૩૫ થી ૪૦ બાળકો ભરીને અવર જવર કરે છે. ધાનેરા માં આવેલી વિવેકાનંદ વિદ્યાલય ના કેમ્પસ માં આવેલી એક પ્રથમી શાળા માં જીતુભાઈ નામનો શિક્ષક ફરજ બજાવે છે અને તે પોતાની ગાડી લઈ શાળા એ આવે છે પરંતુ જ્યારે શાળા છૂટે ત્યારે આ ગાડી માં ૩૫ થી ૪૦ બાળકો ભરીને જાય છે અને બાળકો નો જીવ જોખમમાં મૂકે છે ગમે ત્યારે કોઈ અણબનાવ બને તો ૩૫ થી ૪૦ બાળકો નું શુ...? તે પણ એક મોટો સવાલ છે. આજે આ શિક્ષક ગાડી માં બાળકો ને ભરી ને જતો હતો ત્યારે સમગ્ર ઘટના મીડિયા ના કેમેરા કેદ થઈ જવા પામી હતી અને બાળકો કેમેરો જોઈ ગાડી માંથી નીચે કૂદવા લાગ્યા હતા



ત્યારે આ બાળકો ના જીવ સામે ખીલવાડ કરતા શિક્ષક ને પોલીસ તંત્ર અને શિક્ષણ વિભાગ પાઠ ભણાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે તો બીજી તરફ બિન સત્તાવાર એવું પણ જાણવા મળ્યું છે કે આ શિક્ષક પૈસા ની લાય માં બાળકોના જીવ જોખમમાં મૂકી રહ્યો છે ત્યારે જો આ વાત સત્ય હોય તો બાળકોના વાલીઓને જાગવાની જરૂર છે.

# હિંમતનગરમાં આંતર જિલ્લામાંથી બાઈક ચોરતી ગેંગના બે સાગરીત પકડાયા

છેલ્લા ઘણા સમયથી ઉત્તર ગુજરાતમાં વાહનચોરીની ઘટનાઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. ત્યારે સાબરકાંઠા એલસીબીએ બાતમીને આધારે મંગળવારે હિંમતનગર મહેતાપુરા વિસ્તારમાં આવેલ બ્રહ્માણીનગર નજીકથી રાજસ્થાનના કોટડા છાવણીના નંબર વગરની બાઈક પર હિંમતનગરમાં બાઈકની ચોરી કરવાના ઈરાદે આવેલા બે શકમંદોને ઝડપી લઈ પુછપરછને અંતે તેમની પાસેથી એલસીબીએ અંદાજે રૂ. ૩.૩૦ લાખના ૧૨ બાઈકો ઝડપી લીધા હતા.

# ધાનેરાની યુનિયન બેન્કમાં કર્મચારી કામ કરવાના બદલે ફોનથી કરી રહ્યા છે ટાઈમપાસ

ધાનેરામાં આવેલી યુનિયન બેન્ક ના કર્મચારીઓ બેન્ક માં કામકારવાના બદલે ફોન ઉપર વાત કરતા હોય તેવો વિડિઓ વાયરલ થયો છે લોકો બેન્ક માં કામ માટે હેરાન થતા હોય છે અને કર્મચારીઓ ફોનમાં વ્યસ્ત રહે છે જોઈએ એક અહેવાલ...

ધાનેરા માં આવેલી યુનિયન બેન્ક સહીત મોટા ભાગ ની બેકમાં હિન્દી ભાષી સ્ટાફ કામ કરે છે ધાનેરા અને અને ધાનેરા તાલુકા માંથી આવતા ગરીબ અને ભોળા ખેડૂતો ને હિન્દી બોલતા નથી આવડતું ત્યારે આ આ કર્મચારીઓ તેમની વાત સાંભળવા માટે તૈયાર થતા નથી અને ખેડૂતો ની માજાગ ઉડાવી તેમને ભગાડી દે છે અને ખેડૂતો ને ખુબજ મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે ,,,,, ધાનેરા માં બેંકો તરફ થી મળતી સુવિધા નો ખુબજ અભાવ જોવા મળી રહ્યો છે ધાનેરા માં વિવિધ જગ્યા ઉપિ એટીએમ તો મુકવામાં આવ્યા છે પણ એટીએમ માં પૈસા ભાગ્યેજ જોવા મળે છે અને બેન્ક માં ખુબજ ભીડ હોય છે કોઈ પણ લોકો માટે અર્થે બેન્ક માં જાય તો કલાકો સુધી હેરાન થવું પડે છે તો બીજી તરફ બેન્ક માં કામ કરતા કર્મચારીઓ બેન્ક નું કામ કરવાના બદલે અન્ય કામો કરી રહ્યા છે અને લોકો આમજ હેરાન થઈ રહ્યા છે ત્યારે આજે ધાનેરા ની યુનિયન બેન્ક માં લોકોની ભારે ભીડ હતી લોકો કામ અર્થે આવ્યા હતા ત્યારે બેન્ક ના કર્મચારી લોકો નું કામ કરવાના બદલે ફોન વાતો કરતા નજરે ચડ્યા હતા લોકો ની ભારે ભીડ સાથે લાઈનો જોવા મળી હતી સરકાર એકબાજુ કેશ લેશ ઈન્ડિયા ની મોટી મોટી વાતો કરતી રહી છે ત્યારે ધાનેરા ની વાસ્તવિકતા જોઈ કોણ કેશ લેશ માં જોડાવા તૈયારથશે તે એક મોટો સવાલ છે.




# પાલનપુરની મુખ્ય પોસ્ટ ઓફિસની મહિલા કર્મચારી દ્વારા ૧.૦૩ કરોડની ઉચાપત

## ગ્રાહકોના નાણાંની ઓનલાઈન રસીદો કેન્સલ કરી મદદગારી કરનારા સુપરવાઈઝર સામે પણ ફરિયાદ

પાલનપુર, તા. ૭

પાલનપુર ખાતે જોરાવર પેલેસ સંકુલમાં કાર્યરત મુખ્ય પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતી પોસ્ટલ આસિસ્ટન્ટ મહિલા કર્મચારીએ એક વર્ષ દરમિયાન ગ્રાહકોના વીમાના નાણાંની ઓનલાઈન રસીદો કેન્સલ કરી રૂપિયા ૧.૦૩ કરોડની ઉચાપત કરતાં ચકચાર મચી જવા પામી હતી. આ ઉચાપતમાં મદદગારી કરનારા સુપરવાઈઝર સામે પણ ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર જોરાવર પેલેસ સંકુલમાં કાર્યરત મુખ્ય પોસ્ટ ઓફિસમાં મહિલા કર્મચારી દ્વારા ગ્રાહકોના વીમાના રૂપિયાની ઉચાપતનો ગોટાળો બહાર આવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ પાલનપુર મુખ્ય પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા મુળ વડગામના વણસોલ ગામના અને હાલ પાલનપુર આકેસણ રોડ દિપનગર સોસાયટીમાં રહેતા લીલાબેન ગુલાસિંગ રાણાને પોસ્ટલ આસિસ્ટન્ટનું કામ સોંપવામાં આવ્યું હતું. જે કામગીરીમાં તેણીએ પીએલ.આઈ, આર.પી.એલ.આઈ. વિમાના નાણાં ગ્રાહકો પાસેથી પોસ્ટ વતી કલેક્ટ કરવાના હતા. જેમાં તેમણે તા. ૧-૧-૨૦૧૮ થી ૨૭-૨-૨૦૧૯ના સમયગાળામાં અલગ-અલગ ગ્રાહકો પાસેથી રૂપિયા ૧,૦૩,૮૮,૯૯૫ ઉઘરાવ્યા હતા. અને પોસ્ટ વતી આ નાણાં લઈ નાણાં ભર્યા અંગેની રસીદો આપી હિસાબમાં ગોટાળા કરી આ નાણાની ઉચાપત કરી હતી. આ અંગે બનાસકાંઠા પોસ્ટ સુપ્રિટેન્ડન્ટ અખારામે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુનો નોંધી પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ આર.કે. સોલંકી વધુ તપાસ હાથ ધરી છે.

### સહકર્મચારી પણ ગોટાળામાં સંડોવાયા

લીલાબેન રાણા વીમાના નાણા પોસ્ટમાં જમા કરાવતા હતા. તેનો રોજેરોજનો હિસાબ જોવાનો અને ખરાઈ કરવાની ફરજ એમ.પી.સી.એમ. કાઉન્ટર સુપરવાઈઝર પી.આર. ચૌહાણની હતી. જોકે તેમણે લીલાબેન સાથે મળીને હિસાબી ગોટાળા અને ઉચાપત અંગે હેડ ઓફિસના વડાને જાણ ન કરી આ ગુનામાં મદદગારી કરી હતી. આથી તેમના વિરૂદ્ધ પણ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજ એપ્રોચ રોડ પર ટ્રકની અડફેટથી બાઈકચાલકનું મોત

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ માતુછાયા સોસાયટી પાસે ટ્રક ચાલકે બાઈક સવારને અડફટે લેતા બાઈક ચાલકનુ ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું તો બે ને ઈજાઓ થતાં ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર સાજના સમયે રેતી ભરેલ ચોધરી ટ્રક નંબર- જીજે.૧.સીએક્ષ. ૪૮૭૧નો ચાલક ફુલફાસ્ટ હંકારી લાવીને આગળ જતું બાઈક નંબર- જીજે.૦૯.સીએલ.૪૯૫૬ને ટક્કર મારતા બાઈક ઉપર જઈ રહેલ ત્રણેય બાઈક સાથે નીચે પટકાયા હતાં. ટ્રકચાલક બાઈક સાથે બાઈક ચાલકને ૨૦ ફુટ તથા બાઈકને ચાલીસ ફુટ ઘસડી ગયો હતો. બાઈકસવારને માથાના ભાગેથી ટ્રકનુ ટાયર ફરી વળતા માથાનો ભાગ છુંદાઈ ગયો હતો. મગજ સહિતનો ભાગ બહાર આવી ગયો હતો તો બાઈકચાલક સુજલ રાજુભાઈ ગુર્જર (રાજપુત) રહે. લાલ દરવાજા પ્રાંતિજનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. બાઈક ઉપર સવાર પ્રથમ અશોકભાઈ ભોઈ તથા પિયુષ રાજુભાઈ ગુર્જરને શરીરે માથાના ભાગે તથા પગે ઈજાઓ પહોચતા તેવોને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા. એકને વધુ ઈજાઓ પહોચતા તેને તાત્કાલિક હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત સર્જી ટ્રક ચાલક ટ્રક મુકીને ભાગી ગયો હતો. અકસ્માતને લઈને ટ્રાફિક જામ થઈ ગયો હતો.



લોકોના ટોળીટોળા ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં. પ્રાંતિજ પોલિસને જાણ થતા પ્રાંતિજ પીએસાઈ એમ.બી. ગજ્જર, બીટજમાદાર હરિશચંદ્ર, મોહનસિંહ, વસંતભાઈ સહિત પોલિસ ટીમ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યા હતાં અને ટ્રાફિક ખુલ્લો કરી મૃતકને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે મોકલી આપીને ફરીયાદી કરણકુમાર સુરેશભાઈ ગુર્જર (રાજપુત) રહે. લાલ દરવાજાની ફરીયાદના આધારે ભાગેલ ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી.

# સાબરકાંઠાની ૬ પાલીકાના સફાઈ કામદારોની હડતાલનો પ્રારંભ

સાબરકાંઠાની ૬ નગરપાલીકાઓમાં ફરજ બજાવતા અંદાજે ૫૦૦થી વધુ સફાઈ કામદારોના પ્રશ્નોનો ઉકેલ ન આવતા તેઓએ તેમના રાજયકક્ષાના યુનિયનના આદેશથી તા. ૫ માર્ચથી સફાઈ કામગીરીથી અળગા રહી અચોક્કસ મુદતની હડતાલ પર જતા રહ્યા છે. જેના લીધે સાબરકાંઠાની ૬ નગરપાલીકા વિસ્તારોમાં આગામી દિવસોમાં સફાઈના અભાવે ગંદકીના થર જામે તેવી શક્યતા છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠાની ૬ નગરપાલીકાઓમાં ફરજ બજાવતા સફાઈ કામદારોના કેટલાક પ્રશ્નો અંગે સરકારમાં રજુઆત કરવા છતા તેમના પ્રશ્નોનો નિવેડો આવ્યો નથી. જેને લઈને આ સફાઈ કામદારોએ અચોક્કસ મુદતની હડતાલ પર જવા અંગે થોડા દિવસ અગાઉ નગરપાલીકાના ચીફ ઓફીસરને લેખિત રજુઆત કરી દીધી હતી. ત્યારબાદ આ સફાઈ કામદારોએ મંગળવાર તા. ૫ માર્ચથી સફાઈ કામગીરી બંધ કરીને તેમની હડતાલનો પ્રારંભ કરી દીધો છે. જેના ભાગરૂપે સોમવારે હિંમતનગર પાલીકાના ૧૭૦થી વધુ સફાઈ કામદારોએ ટાવરચોકમાં આવીને દેખાવો કર્યો હતો. તેજ પ્રમાણે પ્રાંતિજ, તલોદ, વડાલી ઈડર અને ખેડબ્રહ્મા પાલીકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોએ પણ દેખાવો કર્યા હતા.

# ધાનેરાની બનાસ બેંકમાં ચોરીનો પ્રયાસ : ચોર સીસી ટીવીમાં કેદ

ધાનેરામાં આવેલી બનાસ બેન્ક માં ગતરાત્રે કોઈ અજાણ્યા ઈસમોએ બેન્ક ના તાળા તોડી ચોરી કરવાનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ ધાનેરા વિસ્તાર માં ચોરી ના બનાવોમાં સત્તત વધારો થઈ રહ્યો છે ત્યારે એક મહિના માં ધાનેરા વિસ્તાર માં ૧૫ થી પણ વધુ જગ્યા ઉપર તસ્કરો ચોરીને અંજામ આપી ચુક્યા છે ત્યારે હવે તો લોકો પણ ધાનેરા પોલીસ સામે સવાલ ઉઠાવી રહ્યા છે વાત કરવામાં આવે ગતરાત ની તો ગતરાત્રે બે અણજાણ્યા ઈસમોએ આવી આ ઈસમ ને કૈક કહેતા બંને ઈસમો ત્યાંથી ચોરી કર્યા વગર જ પ્રાપ્ત ફર્યા હતા સમગ્ર ઘાટાં ની જાણ સવારે બેન્ક ના કર્મચારીઓ ને થતા તે પણ ચોકી ગયા હતા અને બેન્ક આગળ લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા હતા ત્યારે લોકો એ ધાનેરા




લોકો પણ હવે તો પોલીસ સામે અનેક સવાલો ઉઠાવી રહ્યા છે.

છેલ્લા એક મહિના થી ધાનેરા વિસ્તાર માં તસ્કરી ગેંગ સક્રિય બની છે અને એક બાદ એક ચોરી ને અંજામ આપી રહી છે ત્યારે લોકો નું જીવવું પણ હરામ થઈ ગયું છે છેલ્લા ધાનેરા ની બનાસબેંક નું તાળું તોડી ચોરી કરવાનો પ્રયાસ કર્યો અને ચોરી કરવાં આવેલા શખ્શો સીસીટીવી કેમરા માં કેદ થઈ જવા પામ્યા છે. પહેલા એક ચોર હાથ માં લોખંડ ની કોષ લઈને આવ્યો અને મહામહેનતે બેન્ક તાળું તોડ્યું તે બાદ બીજો ઈસમ ની પોલીસ સામે સવાલ ઉઠાવ્યા હતા અને જણાવ્યું હતું કે છેલ્લા એક મહિના થી ધાનેરા વિસ્તાર માં સતત ચોરીઓ થઈ રહી છે પરંતુ આજ દિવસ સુધી પોલીસે એક પણ ચોરીનો ભેદ ન ઉકેલતા લોકો માં ભારે નિરાશા જોવા મળી રહી છે.